પ્રજાસત્તાક દિવસની રાષ્ટ્રીય પરેડમાં રજુ થયેલ

# ગુજરાતનો ટેબ્લો ''પીપલ્સ ચોઈસ એવોર્ડ''માં અવ્વલ ક્રમે

## પુનઃપ્રાપ્ય ઊર્જાથી દેશ અને દુનિયાને નવો રાહ ચિંધવાના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના સ્વપ્નને મૂર્તિમંત કરતા ગુજરાતના ટેબ્લો ''ક્લિન ગ્રીન એનર્જી યુકત ગુજરાત''ને દેશભરના રાજ્યોની પ્રસ્તુત ઝાંખીમાં સૌ પ્રથમ ક્રમ મળ્યો

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ટેબ્લોને વિજેતા બનાવવા બદલ આભાર માન્યો

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દેશ અને દુનિયાને પુનઃપ્રાપ્ય ઊર્જાના વધુને વધુ ઉપયોગથી સ્વચ્છ અને હરિત ઊર્જાના વિનિયોગની પ્રેરણા આપી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના પ્રેરક માર્ગદર્શનમાં ગુજરાતે વડાપ્રધાનશ્રીની આ પ્રેરણા ઝિલી લઈને ''ક્લિન ગ્રીન એનર્જી યુકત ગુજરાત'' થીમ આધારિત ઝાંખી ૭૪મા ગણતંત્ર દિને નવી દિલ્હીમાં કર્તવ્ય પથ પર પ્રસ્તુત કરી હતી. ૭૪મા પ્રજાસત્તાક પર્વની આ રાષ્ટ્રીય કક્ષાની ઉજવણી અને પરેડમાં નવી દિલ્હી ખાતે કર્તવ્ય પથ પર રજુ થયેલી ૧૭ રાજ્યોની વિવિધ ઝાંખીમાંથી ગુજરાત સરકાર દ્વારા પ્રસ્તુત કરાયેલ ટેબ્લો 'ક્લિન ગ્રીન એનર્જી યુકત



ગુજરાત'ને પીપલ્સ ચોઈસ એવોર્ડઝ કેટેગરીમાં દેશભરમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત થયો છે.

પ્રજાસત્તાક દિવસની રાષ્ટ્રીય પરેડમાં પ્રતિવર્ષ દેશભરના રાજ્યો અને વિવિધ વિભાગો દ્વારા ટેબ્લોઝ પ્રસ્તુત કરવામાં આવે છે. ૨૦૨૩ની આ વર્ષની પ્રજાસત્તાક દિવસની રાષ્ટ્રીય પરેડમાં દેશના ૧૭ રાજ્યો તથા ૬ મંત્રાલયો મળીને કુલ ૨૩ ટેબ્લોની ઝાંખી પ્રસ્તુત કરવામાં આવી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં ગુજરાત સરકારે આ વર્ષની પરેડમાં ક્લિન અને ગ્રીન એનર્જી યુકત ગુજરાતની ઝાંખી દર્શાવતો ટેબ્લો પ્રસ્તુત કર્યો હતો. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને દિશાદર્શનમાં ગુજરાતે બિનપરંપરાગત ઊર્જા સ્ત્રોતો, સૌર-પવન ઊર્જાના મહત્તમ ઉપયોગથી ક્લિન ગ્રીન એનર્જી ઉત્પાદન અને ઉપયોગનો ધ્યેય સફળતાપૂર્વક પાર પાડ્યો છે. આ વર્ષે, તા. ૨૬ થી ૨૮ જાન્યુઆરી, ૨૦૨૩ દરમિયાન ઓનલાઈન વોટિંગની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં કુલ વોટ્સ પૈકી સૌથી વધુ વોટ્સ ગુજરાતની ઝાંખીને પ્રાપ્ત થયા હતા અને ગુજરાતનો ટેબ્લો દેશભરના




રાજ્યોમાં પીપલ્સ ચોઈસ એવોર્ડ કેટેગરીમાં અગ્રીમ વિજેતા જાહેર થયો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતના ટેબ્લોને વિજેતા બનાવવા બદલ સૌનો આભાર માનતા કહ્યું કે, આ જીત ગુજરાતના પ્રત્યેક નાગરિકની જીત છે.આ પ્રતિષ્ઠિત એવોર્ડ નવી દિલ્હીમાં ૩૧ જાન્યુઆરીએ આયોજીત એવોર્ડ વિતરણ સમારોહમાં કેન્દ્રીય રક્ષા રાજ્ય મંત્રી અજય ભટ્ટના હસ્તે ગુજરાત સરકારના માહિતી પ્રસારણ સચિવ અને મુખ્યમંત્રીના સચિવ શ્રીમતી અવંતિકાસિંઘ તથા માહિતી નિયામક આર. કે. મહેતાએ સ્વીકાર્યો હતો. આ ટેબ્લોની પ્રસ્તૃતિમાં નાયબ માહિતી નિયામક પંકજભાઈ મોદી અને સંજય કચોટનું મહત્વનું યોગદાન રહ્યું હતું. ટેબ્લોનું નિર્માણ સ્માર્ટ ગ્રાફ આર્ટ એડવર્ટાઈઝીંગ પ્રા.લિ. અમદાવાદ દ્વારા કરવામાં આવ્યું હતું.

---

# બોડકદેવ પોલીસ સ્ટેશનનું મુખ્યમંત્રીના હસ્તે ઉદ્‌ઘાટન



અમદાવાદ શહેર પોલીસના નવનિર્મિત બોડકદેવ પોલીસ સ્ટેશનના ઉદ્‌ઘાટન પ્રસંગે સંબોધન કરતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, મહાત્મા ગાંધીજી અને સરદાર વલ્લભભાઈ પટેલની જોડીએ આપણા દેશને સ્વરાજ અપાવ્યું, જ્યારે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહની જોડીએ સુરાજ્ય આપ્યું છે.

તેમણે કહ્યું કે, પ્રજાને કોઈ મુશ્કેલી ન પડે તે માટે ગુજરાત સરકાર હરહંમેશ કાર્યરત છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ટેકનોલોજી અને આધુનિક સાધનોના ઉપયોગથી સુશાસનનો અમારો લક્ષ્યાંક છે. પોલીસ વિભાગની કામગીરી અને વ્યવસ્થા સુચારુ હોય તો પરિણામ સારા મળે છે. ત્યારે ગુજરાત સરકાર પણ ગૃહ વિભાગને આધુનિક ટેક્નોજી અને સાધનો ઉપલબ્ધ કરાવવા કટિબદ્ધ છે.

અમદાવાદ શહેરના ઝોન ૭માં સમાવિષ્ટ નવનિર્મિત બોડકદેવ પોલીસ મથક સમગ્ર અમદાવાદ શહેરનું ૬૭મુ પોલીસ મથક છે. આવનારા સમયમાં નવી બિલ્ડીંગનું નિર્માણ કરીને ૬૦,૦૦૦ સ્કવેર ફૂટમાં આ પોલીસ મથકનો વિસ્તાર કરાશે. નવનિર્મિત પોલીસ સ્ટેશનમાં ડ્રોન કેમેરા યુનિટ, સાયબર ઈન્ટેલીજન્સ તેમજ નાર્કોટિકસ ટાસ્ક ફોર્સની સુવિધાઓ નિર્માણ પામી છે. આ પ્રસંગે અમદાવાદ શહેર મેયર શ્રી કિરીટ પરમાર, એલિસબ્રિજના ધારાસભ્ય શ્રી અમિત શાહ, શ્રી હર્ષદ પટેલ, શ્રી બાબુભાઈ પટેલ, શ્રી દિનેશસિંહ કુશવાહ, શ્રી અમિત ઠાકર, શ્રી જીતુભાઈ પટેલ, શ્રી હસમુખ પટેલ, અમદાવાદ મનપા સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી હિતેશ બારોટ વિવિધ વિસ્તારના કાઉન્સિલર્સ સહિત અમદાવાદ પોલીસના ઉચ્ચ અધિકારીઓ તથા અમદાવાદના રહીશો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

---

# અમદાવાદના શહેરીજનો પર પ્રોપર્ટી ટેક્સનું ભારણ વધશે

અમદાવાદ , તા.૩૧

શહેરની સિટી સિવક બોડીએ મંગળવારે તેનું ૨૦૨૩-૨૪નું બજેટ રજૂ કર્યુ હતુ. મ્યુનિસિપલ કમિશનર એમ. થેન્નારસને સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ આ ડ્રાફ્ટ બજેટ રજૂ કર્યુ હતુ. ગયા વર્ષના રુપિયા ૮૧૧૧ કરોડના ડ્રાફ્ટ બજેટની સામે રુપિયા ૮૪૦૦ કરોડનું ડ્રાફ્ટ બજેટ રજૂ કરવામાં આવ્યું હતુ. ત્યારે આ વખતે હવે પ્રોપર્ટી ટેક્સ પણ મોંઘો થયો છે. પ્રોપર્ટી ટેક્સમાં રુપિયા ૪૦૦ કરોડનો વધારો સૂચવાયો છે. જ્યારે ઈઆઈસી ચાર્જના નામે રુપિયા ૬૦ કરોડો વધારો સૂચવાયો. યુઝર ચાર્જમાં ૬૦ કરોડનો વધારો સૂચવાયો છે. સાથે જ દર વર્ષે પ્રોપર્ટી ટેક્સમાં ઓટોમેટિક ૫ ટકાનો વધારો સૂચવાયો છે.અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનું ૨૦૨૩-૨૪નું ડ્રાફ્ટ બજેટ આજે સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં શહેરીજનો પર વેરાનો વધુ બોજ આવશે. મ્યુનિસિપલ કમિશને ડ્રાફ્ટ બજેટમાં રહેણાંક મિલકત અને બિન રહેણાંક મિલકતમાં કેટલાંક અંશે ટેક્સમામં વધારાનું સૂચન કર્યુ છે. જેથી પ્રોપર્ટી ટેક્સમાં રુપિયા ૪૦૦ કરોડનો વધારો સૂચવવામાં આવ્યો છે. આ સિવાય ઈઆઈસી ચાર્જ અને યુઝર ચાર્જ બંનેમાં ૬૦-૬૦ કરોડનો વધારો સૂચવવામાં આવ્યો છે. સાથે જ દર વર્ષે પ્રોપર્ટી ટેક્સમાં ઓટોમેટિક પાંચ ટકાનો વધારો પણ સૂચવવામાં આવ્યો છે. દર વર્ષે ૧૦૦થી ૨૦૦ કરોડ વધારો લાગુ થશે.વર્ષ ૨૦૨૩-૨૪નું ડ્રાફ્ટ બજેટ તૈયાર કરવા માટે જનભાગીદારી કેળવવાના હેતુથી શહેરીજનો પાસેથી કોર્પોરેશન સૂચનો મંગાવ્યા હતા. જે બાદ કોર્પોરેશનને ૪૫૦ ઈમેલ દ્વારા ૫૦૦ કરતા પણ વધુ સૂચનો મળ્યા હતા. જેમાંથી ૩૪ ટકા સૂચનો મૂળભૂત પ્રાથમિક સુવિધા જેવી કે રોડ, પાણી, ડ્રેનેજ, લાઈટ, હેલ્થ અને સફાઈને લગતા હતા. ૨૫ ટકા સૂચનો પ્રાથમિક સુવિધા સિવાયના એટલે કે કોમ્યુનિટી હોસ, પાર્ટી પ્લોટ, લાઈબ્રેરી, રિડીંગ રુમ, ગાર્ડન, સ્વિમીંગ પુલ, સિનિયર સિટીઝન પાર્કને લગતા હતા. આ સિવાય ૩૯ ટકા સૂચનો કોર્પોરેશનની સર્વિસ સુધારવા અને ફરિયાદ રુપે મળ્યા હતા. જ્યારે ૨ ટકા સૂચનો કોર્પોરેશનની રેવન્યૂ જનરેશન બાબતના હતા.

---

૧૩૫ લોકોના જીવ લેનારી દુર્ઘટનાનો આરોપી ફરાર હતો

# મોરબી બ્રિજ તૂટવાની ઘટનાના આરોપી ઓરેવાના જયસુખ પટેલનું કોર્ટમાં સરેન્ડર

## ચાર્જશીટ સાથે વોરન્ટ ઈશ્યુ થતા પટેલ પાસે અન્ય કોઈ વિકલ્પ ન બચતા મોરબી સેશન્સ કોર્ટમાં સરેન્ડર કર્યુ

અમદાવાદ, તા.૩૧

ગુજરાત સહિત ભારત અને વિશ્વને હમચાવી નાખનાર મોરબી બ્રિજ તૂટવાની દુર્ઘટનામાં સૌથી મોટા કથિત આરોપી જયસુખ પટેલ ઘટના બાદ ફરાર હતા. મોરબી પુલ તૂટવાની ઘટનામાં ૧૩૫ લોકોએ જીવ ગુમાવ્યો હતો અને ૫૬ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. આ હત્યાકાંડમાં બ્રિજનું સંચાલન કરતી કંપની ઓરેવાના માલિક જયસુખ પટેલે અંતે આજે કોર્ટમાં સરેન્ડર કર્યું છે. આ કેસમાં ચાર્જશીટ સાથે વોરન્ટ ઈશ્યુ થતા પટેલ પાસે અન્ય કોઈ વિકલ્પ ન બચતા એમડી જયસુખ પટેલે મોરબી સેશન્સ કોર્ટમાં સરેન્ડર કર્યુ છે. ૪ દિવસ અગાઉ ૨૭મી જાન્યુઆરીએ મોરબીની સેશન્સ કોર્ટમાં પોલીસ દ્વારા ૧૨૦૦ પાનાંની ચાર્જશીટ રજૂ કરવામાં આવી હતી. આ કેસમાં અત્યાર સુધીમાં આ કેસમાં ૯ લોકોની ધરપકડ થઈ છે. મોરબી ઝૂલતા પુલ દુર્ઘટના કેસમાં ઓરેવા કંપનીના એમડી જયસુખ પટેલનું નામ ચાર્જશીટમાં આરોપી તરીકે ઉમેરવામાં આવ્યું છે. જયસુખ પટેલે આ મામલે કોર્ટમાં આગોતરા જામીન માટે અરજી કરેલી છે. જેની સુનવણી ૧લી ફેબ્રુઆરીના રોજ થવાની હતી પરંતુ તે પહેલાં જ તેણે સરેન્ડર કર્યુ છે. અગાઉ આ દુર્ઘટના મામલે ઓરેવા ગ્રુપના એમડી જયસુખ પટેલ સામે કોર્ટ દ્વારા ધરપકડ વોરંટ ઈશ્યુ કરવામાં આવ્યું હતું. પહેલી ફેબ્રુઆરીના રોજ તેમની આગોતરા જામીન અરજી મંજુર કરાય છે. કે પછી તે પૂર્વે જ તેમની ધરપકડ કરવામાં આવે છે તે હજી નક્કી નથી. આજે આગોતરા જામીન અરજી પર મોરબીની સેસન્સ કોર્ટમાં સુનાવણી હતી. આ સુનવણીમાં પોલીસ દ્વારા મુદ્દત માંગવામાં આવતા તેને ધ્યાને લઈ કોર્ટે આગામી સુનવણી પહેલી તારીખ પર રાખી છે. મોરબી ઝૂલતો પુલના મેન્ટેનન્સ અને મેનેજમેન્ટની જવાબદારી ઓરેવા ગ્રુપને આપવામાં આવી હતી અને ઝૂલતો પુલનું રીનોવેશન કરવામાં આવ્યા બાદ પાંચ દિવસમાં જ ઝૂલતો પુલ તૂટી પડ્યો હતો. જેમાં ૧૩૫ લોકોના મોત થયા હતા. જે બનાવ મામલે મૃતકોના પરિવારો દ્વારા ઓરેવા ગ્રુપના એમડી જયસુખ પટેલ સામે કાર્યવાહી કરવાની માગ કરવામાં આવી હતી. જોકે ઝૂલતો પુલ દુર્ઘટના મામલે થયેલી ફરિયાદમાં તેમનું નામ આરોપી તરીકે મુકવામાં આવ્યું નહતું.

---

# ગુજરાતની કૃષ્ણમય-કલામય સંસ્કૃતિના જતનમાં ભરવાડ સમાજનું બહુમૂલ્ય યોગદાન છેઃ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું છે કે, ગુજરાતને ગ્રોથ એન્જીન બનાવવામાં અને ગુજરાતની કલામય સંસ્કૃતિના જતનમાં ભરવાડ સમાજનું બહુમૂલ્ય યોગદાન છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી ''સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો પ્રયાસ અને સૌનો વિશ્વાસ''ના મંત્ર સાથે નાનામાં નાના માણસને વિકાસના મુખ્ય પ્રવાહમાં લાવવાની ચિંતા કરે છે. આ મંત્રને આત્મસાત કરીને ગોપાલક સમાજે પણ વિકાસ સાધ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે બનાસકાંઠા જિલ્લાના થરા ખાતે પંચામૃત મહોત્સવના શુભારંભ પ્રસંગે પ્રેરક હાજરી આપી પ્રભુતામાં પગલાં પાડનાર નવદંપત્તિઓને આશીર્વાદ આપ્યા હતા. મુખ્યમંત્રીએ આ પ્રસંગે વધુમાં કહ્યું કે, થરા સમૈયો - પંચામૃત મહોત્સવમાં ધર્મ, ભક્તિ અને સેવાનો ત્રિવેણી સંગમ રચાયો છે. પૂજ્ય મહંત બ્રહ્મલીન શ્રી શિવપુરી બાપુના દિવ્ય પ્રતાપ અને પ્રેરણાથી આ શક્ય બન્યું છે. ભરવાડ ગોપાલક સમાજે કૃષ્ણમય સંસ્કૃતિને જીવંત રાખી છે, ભગવાન શ્રી કૃષ્ણ એમની સાથે હોવાનો આત્મવિશ્વાસ આ સમાજને આત્મનિર્ભર બનાવે છે.

સમસ્ત ગોપાલક-ભરવાડ સમાજની ગુરુગાદી શ્રી ગ્વાલીનાથ ધામના મહંત શ્રી ઘનશ્યામપુરીજી મહારાજે આ પ્રસંગે સમસ્ત ભરવાડ સમાજ અને ગુરૂગાદી વતી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને આવકાર્યા હતા. પ્રાસંગિક ઉદબોધન કરતા તેમણે કહ્યું કે, ૯૧૪ વર્ષ પહેલાં અહીં થરાની ધરતી પર ૩૦૦૫ દીકરીઓના સમૂહ લગ્ન થયા હતા. આ પ્રસંગે તેમણે સમાજના પરંપરાગત પહેરવેશ એવા પાઘડી અને કોટી પહેરાવી મુખ્યમંત્રીશ્રીનું હર્ષભેર સ્વાગત કર્યુ હતું.

---

# જેડલ્યુએ વડોદરાના ગોત્રીમાં ૨૮મો સ્ટોર ખોલ્યો

અમદાવાદ, તા.૩૧

જેડબ્લુ પુરુષોના કપડાના છુટક વિક્રેતાએ વડોદરા શહેરમાં ગોત્રી ખાતે તેનો બીજો સ્ટોર ખોલ્યો અને સમગ્ર ભારતમાં તેના સ્ટોર્સની સંખ્યા ૨૮ ઉપર પહોંચી ગઈ છે કંપની જે વિસ્તાર મોડ ઉપર છે તેણે છેલ્લા ત્રણ-ચાર મહીનામાં પાલનપુર, મહેસાણા, પુણે ખાતે બીજો સ્ટોર્સ શરૂ કર્યા છે અને ટુંક સમયમાં પેલેડિયમ મોલ અમદાવાદ, ગાંધીનગર,સુરત, નવસારી, અકોલા અને રાયપુરમાં ઉજા નવા સ્ટોર્સ ઉમેરાશે.

ગોત્રી સ્ટોર સાત હજાર ચોરસ ફુટમાં ફેલાયો છે અને જેડબ્લુની સમગ્ર શ્રેણીમાં આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય મેન્સવેર બ્રાન્ડસ તરફથી ઔપચારિક અને કેઝયુઅલ વસ્ત્રોથી લઈને તહેવારો અને પ્રસંગોના વસ્ત્રો અને પુરુષો માટે લગ્નના વસ્ત્રો ઓફર કરશે. શ્રી જીતેન્દ્ર ચૌહાણ (ચેરમેન-મેનેજીંગ ડીરેકટર જેડબ્લુ લાઈફ સ્ટાઈલ ઈન્ડિયા લિમિટેડ)એ નવા સ્ટોરના લોન્ચ વિશે વાત કરતાં જણાવ્યું હતું કે વડોદરા અમારૂ બીજુ ઘર છે. જયારથી અમે ૨૦૦૪માં અલકાપુરીમાં અમારો પહેલો સ્ટોર ખોલ્યો હતો. શહેરને વિકસતું જોઈને આનંદ થાય છે અને અમે તેની સાથે અમારી હાજરી વધારી રહયા છીએ. તેથી ગોત્રી સ્ટોર ખોલ્યો છે.

---

### સર્વર ડાઉન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

થઈ ગયુ હતુ અને ઓફિસ છુટવાના સમયે સાંજે સાડા પાંચ પછી કાર્યરત થયુ હતુ પરંતુ ત્રણ કલાકથી વધુ સમય સુધી સર્વર ડાઉન રહેતાં દસ્તાવેજ કરનારાઓ અટવાઈ જવા પામ્યા હતા. દસ્તાવેજો કેન્દ્રના બજેટ પહેલાં કરાવનારાઓની સંખ્યા મોટી હોય છે એટલે આજે મોટી સંખ્યામાં દસ્તાવેજ કરનારાઓ પરેશાન અને ત્રસ્ત થઈ ગયા હતા. સબ રજીસ્ટ્રારની કચેરી પણ મોડી સાંજ સુધી ચાલી હોવાના અહેવાલો સાંપડ્યા છે.

### બિલ મોકલ્યું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રૂ. ૭૦ લાખનું માગણુ રજુ કરી દીધુ છે.

મનપાના તંત્રએ હાલ તો આ મુદ્દે ચુપકીદી સાધી લીધી છે. ગુડા નાણાંકીય ભીડનો સામનો કરી રહેલ હોવાથી તેણે ઉઘરાણી શરૂ કરી દીધી છે. હવે મનપા આ બિલ ક્યારે ચુકવશે તે તો સમય જ કહેશે.

મનપા આમેય અન્ય સત્તાઓ તેને મળે તે દિશામાં પ્રયાસ કરી રહેલ છે પણ સરકાર તેને ફાળવવાની ઉતાવળમાં હાલ નથી. મનપા પાણીનું બિલ નહિ ચુકવે તો કદાચ કનેક્શન કાપવા સહિતના પગલાં ગુડા લેશે કે કેમ તેવી ચર્ચાઓ પણ શરૂ થઈ છે.

જો કે હાલ તો બે શહેરી વિકાસ વિભાગ હસ્તકની સ્વાયત્ત સંસ્થાઓ હોઈ શહેરી વિકાસ વિભાગ દરમ્યાનગીરી કરશે કે કેમ તે પણ એક પ્રશ્ન છે.

ગુડા પણ નર્મદાનું પાણી વેચાણથી ખરીદીને પુરવઠો પુરો પાડે છે. ગાંધીનગર શહેરમાં પાણી પુરવઠાની પણ ૧૦૦ ટકા વસુલાત પા.યો.વિ. દ્વારા પણ થતી નથી જે નોંધનીય છે.

### કોર્ટ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આપવામાં આવી હતી જયારે નોટીસના અંતે પણ આવાસો ખાલી ન કરવામાં આવ્યા હોય તેવા કિસ્સામાં માર્કેટ દરથી ભાડા વસુલી કરવા માટે પણ ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. હાલ તંત્ર કક્ષાએ આ યાદી પણ અપગ્રેડ કરવામાં આવી રહી છે. જયારે હાલની સ્થિતિએ બદલી , અવસાન કે નિવૃતિના કિસ્સામાં પણ મકાનો ખાલી ન કર્યા હોય તેવા ૪૦૦ થી વધુ કિસ્સામાં કોર્ટ કેસ દાખલ કરવા સુધીના પગલા લેવાયા છે. જો કે કોર્ટ કેસ દાખલ કરવાની કામગીરીના અંતે હાલ ઘણાં મકાનો ખાલી કરી દેવાયા છે. જયારે કેટલાકે આવાસના ભાડાની રકમ પણ ચુકવી દીધી છે. પરંતુ હાલની સ્થિતિએ પણ અનઅધિકૃત કબજેદારોની સંખ્યા વિશેષ છે. ત્યારે આગામી દિવસોમાં ગેરકાયદેસર વસવાટ કરતા કબજેદારો સામે કડક પગલા લેવા માટે પણ તંત્ર કક્ષાએથી આયોજન કરવામાં આવી રહ્યુ છે. આવાસો અનઅધિકૃત કબજામાંથી મુકત થાય તો તંત્રના ચોપડે લાંબી થતી પ્રતિક્ષા યાદીને પણ ઝડપથી ન્યાય આપી શકાય તેમ હોવાનો પણ સુર ઉઠવા પામ્યો છે.

### કકળાટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવતો નથી. જયારે કોન્ટ્રાકટર્સને ગ્રાન્ટના અભાવે સમયસર પૈસા ન ચુકવાતા પ્રોજેકટ સાથે જોડાયેલા શ્રમિક વર્ગની હાલત પણ દયાજનક બને છે. શહેરમાં અનેકવિધ વિકાસ કામો ઉપરાંત રોડ રસ્તા અને પાણી ગટર સહીતની વિવિધ માળખાગત સુવિધાના કામોની જવાબદારી હાલ કોર્પોરેશનના શીરે છે. જયારે વિવિધ સરકારી કામોને અનુલક્ષી મોટા કોન્ટ્રાકટર્સ પણ ટેન્ડર પ્રક્રીયામાં ભાગ લે છે એટલુ જ નહી પરંતુ નાના કોન્ટ્રકટર્સ પણ નાના કામો રાખીને તેમની નિભાવણી કરે છે ત્યારે કામના બિલની ચુકવણીમાં લાંબો સમય વિતી જતા કોન્ટ્રાકટર્સ કે સંબંધિત એજન્સી માટે પણ મોટી મુંઝવણ ઉભી થાય છે. પાટનગર યોજના ભવનના વિવિધ ડીવીઝનમાં જરૂરી ગ્રાન્ટ ફાળવવામાં આવી ન હોવાનો આક્રોશ છેલ્લા ઘણાં સમયથી ઉઠવા પામ્યો છે. કેટલાક કોન્ટાકટર્સ તો એમ પણ જણાંવે છે કે કરોડોના માંગણા સામે નજીવી રકમ ફાળવવામાં આવતા અમારા બિલની રકમ લાંબા સમયથી બાકી જ રહી છે. આગામી દિવસોમાં હોળી ધુળેટી પર્વ પણ નજીકમાં છે ત્યારે મજુરવર્ગને ચુકવણી કરવાનો પણ પ્રશ્ન ઉભો થાય છે. આ સ્થિતિ વચ્ચે સમયસર ગ્રાન્ટની ચુકવણી કરવામાં આવે તેવી પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

### આજીવન કેદ

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતા. આસારામ સહિત કુલ ૭ આરોપી સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આસારામ સિવાયના તમામ આરોપીઓને જામીન મુક્ત કરી દેવાયા હતાં. ગાંધીનગર સેશન્સ કોર્ટ આજે સજા સંભળાવી હતી. આસારામ દુષ્કર્મ કેસમાં આઠ વર્ષથી જોધપુર જેલમાં બંધ છે

કોર્ટે આસારમને કલમ ૩૭૬વ હેઠળ આજીવન કેદ, ૩૭૭ હેઠળ આજીવન કેદ, ૩૫૪ હેઠળ એક વર્ષની કેદ, ૩૪૨ હેઠળ ૬ મહિનાની કેદ, ૩૫૭ અંતર્ગત ૧ વર્ષની કેદ અને ૫૦૬(૨) હેઠળ એક વર્ષની કેદની સજા ફટકારી છે. આ ઉપરાંત પીડિતાને ૫૦ હજારનું વળતર ચૂકવવાનો આદેશ કર્યો છે.

### આતંકવાદીઓ

● અનુસંધાન પહેલાનું ચાલુ

કલમો હેઠળ ફરિયાદ નોંધવામાં આવી છે અને તપાસ કરવામાં આવી રહી છે. પ્રાથમિક તપાસ દરમિયાન હજુ સુધી આતંકવાદી સંગઠન લશ્કર સાથે સંકળાયેલા ચાર આતંકવાદીઓની ધરપકડ કરવામાં આવી છે.

પોલીસ અધિકારીએ જણાવ્યું કે, આરોપીઓ આ વિસ્તારમાં સક્રિય લશ્કરના આતંકવાદીઓનો સહાયતા કરવામાં સામેલ હતા. આ મામલે તપાસ હાથ ધરવામાં આવી છે અને ચાર આતંકીઓની ધરપકડ કરવામાં આવી હોવાની આશા છે.

### મંજૂરીની મહોર

● અનુસંધાન પહેલાનું ચાલુ

કહેવામાં આવ્યું છે કે, ભારતના ક્લાઈમેટ સંબંધિત કાર્યવાહીમાં નાણાનો અભાવ સતત સમસ્યા બની રહ્યો છે. અમે હજી સુધી મોટા પાયે ઘરેલું સ્ત્રોતોથી અમારી બધી જરૂરિયાતોને પૂર્ણ કરી છે. હવે ખાનગી મૂડી ઊભી કરવાના પ્રયાસો થઈ રહ્યા છે, સાથે જ આ માટે સોવરેન ગ્રીન બોન્ડની જેમ કામ કરે છે, સરકાર પણ કામ કરી રહી છે. ભારતની આ પહેલ આંતરરાષ્ટ્રીય મંચ પર પણ નોંધપાત્ર છે. દેશ વૈશ્વિક પ્રવૃત્તિઓમાં પણ સક્રિયપણે કામ કરી રહ્યો છે.

### વિકાસ દર

● અનુસંધાન પહેલાનું ચાલુ

તુલનામાં ૬.૫ ટકાથી વધશે. ગત વર્ષમાં વિકાસ દર ૮.૭ ટકા રહ્યો હતો. ભારત વિશ્વમાં સૌથી વધુ આગળ વધતી અર્થવ્યવસ્થા બની રહેશે. જાન્યુઆરીથી નવેમ્બર સુધીમાં એમએસએમઈના ક્રેડિટ ગ્રોથમાં ૩૦.૬ ટકાનો વધારો થશે.